## ટેન્ડર નોટીસ
## જાહેર નિવિદા હિસાબી નંબર.૧૫૪૨ સને ૨૦૨૩, તા.૦૬.૦૯.૨૦૨૩
## કોર્ટ કેન્ટીનનો લાયસન્સ ફી થી કોન્ટ્રાકટ આપવા બાબત

જીલ્લા અદાલત,અઠવાલાઇન્સ, સુરત નવી કોર્ટ બિલ્ડીંગના ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલ કેન્ટીન ચલાવવા માટેનો કોન્ટ્રાકટ માસીક લાયસન્સ ફી થી ૧૧ માસ ૨૯ દિવસ માટે આપવાનો છે.

સદર કેન્ટીન માટેની મુકરર જગ્યાની માસીક લાયસન્સ ફી લઘુતમ રૂા.૧૦,૦૦૦/-(અંકે રૂપીયા દશ હજાર પુરા) નામદાર હાઈકોર્ટ ઓફ ગુજરાત ધ્વારા નકકી કરવામાં આવેલ છે.

આ અંગે રસ ધરાવનાર એજન્સીએ તેમની અરજીમાં જે માસીક લાયસન્સ ફી ની રકમથી કોન્ટ્રાકટ રાખવાં માંગતા હોય તે રકમ દર્શાવવી તથા કેન્ટીનમાં પીરસવાની વાનગીઓ અને તેના ભાવોનુ પત્રક (યાદી) સાથેની અરજી આ કચેરીને તા.૧૬.૦૯.૨૦૨૩ ના રોજ કચેરી સમયમાં મળી જાય તે રીતે સીલબંધ કવરમાં મહે.પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ સાહેબશ્રી, ડિસ્ટ્રીકટ કોર્ટ, અઠવાલાઇન્સ, સુરતના સરનામે પોસ્ટ/કુરીયર ધ્વારા મોકલવાની રહેશે. ભાવપત્રકનાં કવર ઉપર "કેન્ટીન અંગેનું ભાવપત્રક" લખવાનુ રહેશે. ભાવપત્રક સાથે રૂા.૧,૦૦૦/-(અંકે રૂપીયા હજાર પૂરા)નો ડિમાન્ડ ડ્રાફ્ટ (પરત નહી ચૂકવવા પાત્ર) ADDITIONAL DISTRICT JUDGE, DISTRICT COURT, SURAT ના નામનો બીડવાનો રહેશે.

ડિમાન્ડ ડ્રાફ્ટ વગરનાં ભાવપત્રક તથા ઉપર જણાવેલ માસીક લાયસન્સ ફી થી ઓછી માસીક લાયસન્સ ફી દર્શાવવામાં આવેલ હશે તેવા ભાવપત્રક ધ્યાને લેવામાં આવશે નહી.

સદર જાહેરાત અન્વયે પુછપરછ, કેન્ટીનની જગ્યા જોવાં માટે તથા જાહેર નિવિદાની શરતોની જાણકારી માટે તા.૧૨/૦૯/૨૦૨૩ના રોજ બપોરે ૩.૩૦ કલાકે, નાઝર શાખા, રૂમ નંબર ૧૦૯, પહેલો માળ, ડિસ્ટ્રીકટ કોર્ટ, અઠવાલાઇન્સ, સુરતનો સંપર્ક કરવો અને કેન્ટીન કોન્ટ્રાકટ અંગેની વધુ વિગત https://surat.dcourts.gov.in/notice-category/tenders સાઇડ પરથી મેળવી શકાશે.

ટેન્ડર મંજુર/નામંજુર કરવા અંગેનો જિલ્લા ન્યાયાધીશશ્રીનો નિર્ણય આખરી નિર્ણય રહેશે. નામંજુર કરેલ ટેન્ડર સબંધમાં કોઇ પત્ર વ્યવહાર કરવામાં આવશે નહી.

(સહી)
(વિમલ કે. વ્યાસ)
મુખ્ય જિલ્લા ન્યાયાધિશ, સુરત.

જિલ્લા ન્યાયાલય, અઠવાલાઇન્સ, સુરત.
તા.૦૬/૦૯/૨૦૨૩.